# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૮૪ તા.૭-૧૦-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-૧૫ ઓક્ટોબર ૨૦૧૫ આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ (Global Hand Washing Day) તરીકે ઉજવણી કરવા બાબત**

**સંદર્ભ :- SSA/સિવિલ/૨૦૧૫/૪૧૧૦૨-૧૩૮ તા.૩-૧૦-૧૫**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે-આપ સૌ જાણો છો કે વિશ્વ સ્તરે ૧૫ મી ઓક્ટોબરના દિવસને ‘**આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ**’ તરીકે ઉજવવામાં આવે છે.બાળકોમાં આ અંગે વધુ જાગૃતિ આવે અને આરોગ્યપ્રદ ટેવોનું વલણ કેળવાય તે હેતુથી ૧૫ મી ઓક્ટોબર,૨૦૧૫ ના રોજ શાળા કક્ષાએ શિક્ષકો અને બાળકો દ્વારા ‘**આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ**’ની ઉજવણી કરવાની થાય છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલ વિવધ સંશોધનો મુજબ જમતા પહેલાં,રસોઈ બનાવતાં પહેલાં અને શૌચાલયનો ઉપયોગ કર્યા બાદ સાબુથી હાથ ધોવાથી ઝાડા-ઉલ્ટીના રોગના પ્રમાણમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે.આમ,સુયોગ્ય પધ્ધતિથી શાળામાં બાળકોને જમતાં પહેલાં અને શૌચાલયના ઉપયોગ કર્યા બાદ જો સાબુથી હાથ ધોવાની આદત પાડવામાં આવે તો બાળકોના આરોગ્ય અને શાળામાં તેમની હાજરીમાં નોંધપાત્ર સુધારો થતો હોય છે.

૧૫ મી ઓક્ટોબરના રોજ ‘**આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ**’ની ઉજવણી અંતર્ગત શાળા કક્ષાએ નીચે જણાવેલ પ્રવૃત્તિઓ પૈકી કોઈપણ બે પ્રવૃત્તિઓનું શાળામાં આયોજન કરવું.

૧) મહત્વપૂર્ણ સમયે સાબુથી હાથ ન હોવાને કારણે આરોગ્ય ઉપર થતી વિપરિત અસર વિશે બાળકો દ્વારા નાટક તૈયાર કરવું.

૨) શાળા કક્ષાએ ચિત્ર/રંગપૂરણી પ્રવૃત્તિનું આયોજન કરવું.

૩) પ્રાર્થના સમયે બાળકો ‘ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે’ વિશે પ્રોજેક્ટ તૈયાર કરે અને અનો પોતાના મંતવ્ય રજૂ કરે તેવું આયોજન કરવું

૪) એસ.એમ.સી.મિટીંગનું આયોજન કરી સાબુથી હાથ ધોવાથી થતા ફાયદા,આરોગ્ય તથા શાળામાં બાળકોની હાજરીમાં થતા સુધાર અંગેની ચર્ચા કરવી

તા.૭-૧૦-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી